Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનંદ પ્રકાશ.

દોહરો.

આત્મવૃત્તિ નિર્મલ કરે, આપે તત્વ વિકાશ;
આત્માને આરામ દે, આત્માનંદ પ્રકાશ.

પુસ્તક ૧ લું. વિક્રમ સંવત ૧૯૬૦—માહ. અંક ૭ મો.

## પ્રભુ સ્તુતિ.

### સ્રગ્ધરા.

પૂર્ણાનંદે પ્રકાશે અનુપમ[1] કરૂણા સાગરે જે વિકાશે,
મ્હાલે જે મગ્ન ભાવે મલિન[2] કરણના દોષ સર્વે નિકાશે;[3]
જે શ્રી સદ્બ્રહ્મ કેરી ભવભયહરણી[4] ભાવના નિત્ય ભાવે;
એવા શ્રી જ્ઞાનધારી જિનવર ગુણના સજ્જનો ગીત ગાવે. ૧

## ભાવનાષ્ટક.

### વસંતતિલકા.

ક્યારે થશે હૃદયમાં શમતા સ્વભાવે,
ક્યારે કષાય[5] વિષયો મનમાંહિ નાવે;
ક્યારે મલે પરમલાભતણો[6] સુલાવો,

૧ જેની ઉપમા નથી તેવા. ૨ મલિન કર્મના. ૩ દૂર કરે. ૪ સંસારના ભયને નાશ કરનારી. ૫ કામ-ક્રોધ, લોભાદિ. ૬ મોક્ષના લાભ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એ, ભાવના ભવિક સૌ મનમાંહિ ભાવો. ૧
ક્યારે મલે શમતણા સુખની સમાધિ,
ક્યારે શમે ક્ષણિક આ ભવની ઉપાધિ;
ક્યારે બને ભવતણા સુખનો અભાવો,
એ, ભાવના ભવિક સૌ મનમાંહિ ભાવો. ૨
સંવેગ રંગ રસ અંગ વિષે લગાવું,
ભાવે જિનેશ્વર તણા ગુણ ગીત ગાવું;
ક્યારે બનું જગતમાં અવધૂત બાવો,
એ, ભાવના ભવિક સૌ મનમાંહિ ભાવો. ૩
નિરખું સદા નયનથી પ્રતિમા પ્રભાવી,
પૂજું પ્રમોદભર એ અતિ ભક્તિ ભાવી;
તે ધ્યાન અંતર ધરી સુખને જમાવો,
એ, ભાવના ભવિક સૌ મનમાંહિ ભાવો. ૪

અપૂર્ણ.

## યતિ ધર્મ અને શ્રાવક ધર્મનો સંવાદ.

ઘણાં વખત સુધી યતિધર્મ મૂર્છા પામી શ્રાવક ધર્મના ઉત્સંગમાંજ પડી રહ્યો. શ્રાવક ધર્મે શીતળ જળનું સિંચન કરી પવન વીંજવા માંડયો એટલે થોડી વારે યતિધર્મ બેઠો થયો અને મુખમાંથી દીર્ઘ નિઃશ્વાસ નાખવા લાગ્યો.

**શ્રાવકધર્મ**—ભગવન્, ધૈર્ય રાખો; આટલું બધું દુઃખ ધરો નહીં. હજુ પાંચમા આરાએ સજ્જડમારો ચલાવ્યો નથી. કુસંપ

For Private And Personal Use Only

અને ઈર્ષ્યાનું જોડું બધે પ્રવર્ત્યું નથી. ઘણા મુનિ રત્નો મુનિ ધર્મનો ખરો ઉદય ઈચ્છી, ભારત ભૂમિનું પ્રાચીન પરાક્રમ પુનઃ જાગ્રત થાય, એવી દઢ ઇચ્છા રાખે છે. અગાધ આર્હત વાણી સાથેજ, સતેજ સંવેગના મહાત્મ્ય રૂપ બ્રહ્મચર્યના વીર્યથી પરિપૂર્ણ આકૃતિ ધારણ કરી તેવું પરમ જ્ઞાન પ્રેરવા એ મહાત્માઓ યોગ્ય રીતે વર્ત્તે છે. હજુ કેટલાએક મુનિવરો સ્વકર્ત્તવ્યમાંજ તત્પર છે, સનાતન મુનિ માર્ગમાંથી ભ્રષ્ટ થવાનો મોટો ભય રાખી ચારિત્રના નિર્મળ માર્ગમાં તેઓ એક નિષ્ઠાથી ચાલે છે. કેટલાએક ગુરૂભક્તિમાં તલ્લીન થઇ સંવેગના સ્વરૂપનો યથાર્થ અનુભવ કરવા પ્રવર્ત્તે છે. કેટલાએક વિનયથી અલંકૃત થઇ આર્હત ધર્મની મહાન્ મર્યાદા સાચવે છે. કેટલાએક મુનિવીરો વીર ધર્મની વીરતા બતાવી અપાર પરિષહ સહન કરી ઉગ્રવિહાર કરે છે. કેટલાએક યતિવર્ય સર્વદા સ્વાધ્યાય ધ્યાનમાંજ પોતાનો કાલ નિર્ગમન કરે છે. કેટલાએક શ્રમણરત્નો કુસંપ અને ઈર્ષ્યાનો અનાદર કરી સંયમબલને સંપાદન કરવા ભગીરથ પ્રયત્ન કર્યા કરે છે. કેટલાએક નિર્ગ્રંથો ભવગ્રંથિમાંથી મુક્ત થવા ઉગ્ર તપસ્યા આચરી ચારિત્રના તેજને ચલકિત કરે છે. કેટલાએક જ્ઞાનની ઉપાસનામાંજ પોતાનોસર્વકાળ નિર્ગમન કરે છે. કેટલાએક શ્રાવકોના ઉદ્ધારને માટે દેશના આપવાને પ્રત્યેક ક્ષેત્રોમાં વિચરે છે. હજુ સુધી ઘણાં મુનિઓએ સંવેગને સજીવન રાખ્યો છે. કૃપાળુ ભગવંત, હિંમત હારો નહીં. તમારા આશ્રિત મુનિઓમાં ઘણાં મુનિરત્નો તમને દીપાવે છે. ઇર્ષ્યા અને કુસંપનું જોડું તેમના ઉપર ફાવે તેમ નથી. હજુ આર્ય દેશનું આરપંથ બલજ્ઞાન છે. આર્યત્વ અને મુનિત્વ હજુ નાબુદ થયા નથી. બ્રહ્મચર્યના મહાત્મ્ય

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભ્રમણમાંજ સ્તબ્ધ થઈ આશ્ચર્ય પામવાનું છે. ભારત વર્ષ હજારો વર્ષથી મિથ્યાત્વીઓના મોહમય બંધનોમાં દબાતો છતાં પણ સનાતન જૈનધર્મથી રહિત થયો નથી. કાલયોગે ધર્મભાવનામાં વિપરીતતા થતી જોવામાં આવે છે તથાપિ કોઈ કોઇ વાર **શ્રી વિજયાનંદ સૂરિ** જેવા મહાત્માઓના પ્રતાપથી ફરી ચોથા આરાના જેવો સમય પાસે થવાના ચિન્હ પ્રકાશે છે.

આજે મધ્ય કાલના જેવું મિથ્યાત્વ ધર્મનું લેશ પણ પ્રબલ નથી, અને તેની જે ઉન્નતિ હતી તે હવે એટલાજ જોરમાં દર્શન દેતી નથી. આમ થવામાં અન્યમતિના ધર્મ ઉપર સજ્જડમારો ચલાવનાર પ્રખ્યાત પૂજ્ય મહાત્મા **શ્રી મદ્વિજયાનંદસૂરિજ** કારણ ભૂત છે. એ મહાનુભાવે સનાતન જૈન ધર્મનો ખરો ઉદય ઈચ્છી જૈનીઓનું પ્રાચીન ગૌરવ પુનઃ જાગ્રત થાય, એવી દઢ ઇચ્છા બાંધી હતી. વળી અગાધ જ્ઞાનાનુભવથી તે મહાશયે ઉત્તરોત્તર ઉત્તમ ગ્રંથો રચી જૈન વર્ગ ઉપર અપાર ઉપકાર કરેલો છે. એવા મુનિ રત્નોના જન્મ પુનઃ પ્રાપ્ત થવા શાસન દેવતાને પ્રાર્થના કરી તમારી મનોવૃતિમાં ધૈર્યનું સ્થાપન કરો અને કુસંપ અને ઇર્ષ્યાના યુગલનો પરાભવ થાય તેવી યોજના કરવા તમારા આશ્રિત મુનિઓને પ્રેરણા કરો.

યતિધર્મ—વત્સ, ધૈર્ય રહેતુ નથી. કાલચક્રની મહાન્ શક્તિ આગલ કોઇનું જરાપણ ચાલતું નથી. તમારા કહેવા પ્રમાણે કેટલા એક મુનિરત્નો હજુ કાલના પ્રભાવથી પરાભવ પામ્યા નથી. તેમજ ગુરૂભક્તિના માહાત્મ્યથી તેઓ કુસંપ અને ઇર્ષ્યાના જોડાના અનિષ્ટ પંઝામાં આવ્યા નથી, તેથી મારા હૃદયમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધૈર્યનો અવકાશ રહે છે અને તેથી આત્માનંદનું અખંડ જ્યોતિ ઝાંખુ પડતું નથી, પણ મુનિઓનો ઘણો ભાગ પાંચમા આરાના પ્રભાવમાં તણાઇ ગયો છે. કુસંપ અને ઇર્ષ્યાના જોડાથી મહાત પામી ગયો છે. આથી કરીને મારા હૃદયમાં આઘાત થાય છે અને ધૈર્યની ધારા તુટી જાય છે. જ્યાં જ્યાં દ્રષ્ટિ નાંખુછું ત્યાં મુનિઓના વૃંદમાં નિર્મલ ચારિત્રરત્ન શોધવું મુસ્કેલ થઈ પડે છે. મારા (યતિધર્મના) દશ પ્રકાર પૂરે પૂરા તો કોઈ ઠેકાણેજ જોવામાં આવે છે. કોઈજ મુનિરત્નમારા આશ્રિત થઇ મને સંપૂર્ણ રીતે માન આપે છે.

શ્રાવકધર્મ—ભગવન્, જે મુનિરત્નો તમને માન આપે છે, તેઓની ઉન્નતિ ઉપર આશા રાખી તમારે નિશ્ચિંતપણે રહેવું. હિંમત રહિત થવું નહીં અને ધૈર્ય છોડવું નહીં હવે પુનઃઉત્તમ કાલ આવ્યો છે. જૈન શાસનના પ્રતાપી કીરણો ભારત વર્ષ ઉપર પ્રકાશિત થતાં જાય છે. પ્રતિસ્થાને જૈન પાઠશાલાઓ અને જૈન પુસ્તકાલયો સ્થપાય છે. ઘણા ઉત્તમ મુનિવરો જ્ઞાન સંપાદન કરી પ્રતિક્ષેત્રે વિહાર કરે છે. શ્રાવકોના યુવકો રાજભાષા સાથે ધાર્મિક કેલવણી લેવા ઉત્સાહ ધરાવે છે. સદ્ બોધક માસિક અને અષ્ટાન્હિક પત્રો પ્રગટથવા લાગ્યા છે. એ સર્વનું મહાન્ ફલરૂપ જૈન કોન્ફરન્સનો મહાસમાજ ઉદભવ્યો છે. હવે અલ્પ સમયમાં વિદ્વાન્ મુનિઓ પોતામાં ઐક્ય વધારવા અને કુસંપ ઇર્ષ્યાની જોડને પરાભવ કરવા પોતાની જૈન મુનિ કોન્ફરન્સ સ્થાપન કરે તો કૃપાલુ ભગવાન્, આપનો મહાન્ ઉદય સત્વર થઇ ચુકયોજ સમજવો. જો મુનિઓનો સમાજ એકત્ર થાય અને તેઓમાં ધર્મ ભ્રાતૃભાવ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વૃદ્ધિ પામે તો આ સમસ્ત ભારતવર્ષમાં જૈન મુનિઓના ધર્મની વિજયપતાકા ફરકવા લાગે. એટલુંજ નહીં પણ મિથ્યાત્વીઓના મુખઉપર સ્ફુરી રહેલું કૃત્રીમ ધર્મનું તેજ તત્કાલ ઝાંખું થઈ જાય.

**યતિધર્મ** (હર્ષઆવેશમાં) વત્સ, તમારા આ વિચાર સાંભળી મારા હૃદયમાં આનંદના ઊર્મિઓ ઉછલવા લાગ્યા. અહા એવા પવિત્ર દિવસો ક્યારે જોવામાં આવશે? જેમાં ભારતના નિગ્રંથોનું મહામંડલ નિર્મલ મનથી એકત્ર થાય; કુસંપ અને ઇર્ષાનો પરાભવ કરી પ્રભાવી વીરપુત્રો એકજ ક્ષેત્રમાં વિરાજે. એક તરફ **શ્રીમદ્વિજયાનંદ** સુરિનો વિદ્વાન્ શિષ્ય સમુદાય સાનંદ થઇ સામેલ થાય. બીજી તરફ ગણી પ્રવર **શ્રી મૂલચંદજી** મહારાજનો પ્રભાવી પરિવાર ઉત્સાહથી આગલ પડે, તે સાથે ગાંભીર્ય મહોદધિ મહામુનિ શ્રીવૃદ્ધિચંદ્રજીનો જ્ઞાની પરિવાર આનંદથી ભાગલે, તે સિવાય મુનિ નિત્યવિજયજીનો પરિવાર તથા સાગર નામથી સુશોભિત એવા મહા વ્રતિઓના મુનિ મંડલો શુદ્ધ હૃદયથી સમુદાયને શોભાવે, આવો મુનિ સમાજ કે જે જંગમ તીર્થરૂપ થઇ એક ક્ષેત્રમાં આવી સામીલ નુ થાય અને વિનય અને મર્યાદા પૂર્વક વર્તન કરી સંપની મહામુદ્રાથી મુદ્રિત થાય એવા ભારતના ભાગ્ય ક્યારે ઉદિત થશે? આવો પવિત્ર સમય ક્યારે આવશે? વત્સ, તે વખતે અંતરિક્ષમાં રહી આપણે, તેમનું પ્રેમ પૂર્વક અવલોકન કરીશું? શાસન પતિ, મહાનુભાવ એ સમયની પ્રવૃત્તિ કરવા પ્રેરણા કરો અને સર્વ જૈન મુનિ સમુદાયને કષ્ટ આપનાર કુસંપ તથા ઇર્ષ્યાનું જોડું પાયમાલ થઇ જાઓ.

**શ્રાવકધર્મ**—ભગવન્, આપના આશ્રિત મુનિઓ વિદ્વાન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને સુજ્ઞ હોવાથી તેઓ કોઇ કાળે પણ તમારી ઉન્નતિ કરી શકશે. પણ મારા અજ્ઞ અને ધનાભિમાની શ્રાવકો તરફથી હું ઉન્નતિની આશા રાખી શકતો નથી. સાંપ્રતકાલે ઘણે ઠેકાણે સંઘના આગેવાનો અજ્ઞ હોવાથી સંઘની સુધારણા કરી શકતા નથી. કેટલા એક ધનાઢયતાના અભિમાનમાં દબાઈ ગયેલા છે કેટલાએક પૂર્વના હાની કારક રિવાજોને વળગી રહ્યા છે. કેટલા એક શેઠાઈના આડંબરમાં અંજાઇ ગયા છે, કેટલાએક લોભરૂપ મહાગર્ત્તમાં લેપાઇ ગયા છે. કેટલાએક પક્ષપાતમાં પતિતથઇ ગયાછે. કેટલાએક અમુક ગુરૂના રાગી થઇ ગયા છે. કેટલા એક પૂર્વની ધનાઢયતા ખોઈ બેઠા પછી પણ વ્યર્થ શેઠાઇમાં મગ્ન રહેલા છે; કેટલા એક સ્થિતિનો ફેરફાર થવાથી સાતક્ષેત્ર ઉપરજ આજીવિકા ધારી બેઠા છે. કેટલા એક દેવદ્રવ્ય અને જ્ઞાન દ્રવ્ય ઉપર પોતાના ભયકર ડોલા ફેરવવા લાગ્યા છે. અને કેટલા એક દેરાશરની અવ્યવસ્થા કરી બેઠા છે. આવા વિવિધ પ્રકૃતિના મારા આશ્રિત શ્રાવકો તરફ દ્રષ્ટિ કરતાં મને અપાર ખેદ થાય છે.

આટલું કહેતાંજ શ્રાવકધર્મને મૂર્છા આવી ગઇ યતિધર્મે તેને ઉત્સંગમાં ઝીલી લીધો.

---

# ચિંતામણી.

## એક ચમત્કારી વાર્ત્તા

( ગયા અંકના પૃષ્ઠ ૧૩૪ થી ચાલુ. )

મુનિ વિચારવિજયે મને ભાષા આપી તે વખતે મારા અંતર્ગૃહમાં એક તરફ ઉભી ઉભી મારી સ્ત્રી વિમલા આ વાત સાંભ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જતી હતી. અમારા બંનેનો વાર્ત્તાલાપ તેણીએ શાંતચિત્તે સાંભલી લીધો. એ સુજ્ઞ બાલા કુલીન અને ધર્મ ઊપર શ્રદ્ધાળુ હતી. શ્રાવિકા ને ઉચિત એવા સર્વ ગુણો તેણીએ સંપાદન કરેલા હતા. પ્રતિદિન પ્રતિક્રમણ, સામાયિક વિગેરે આવશ્યક ક્રિયા કરવામાં તે તત્પર રહેતી. એ પવિત્ર રમણીની મનોવૃત્તિમાં પૂર્વ પુણ્યના યોગે શુદ્ધ સંસ્કાર પ્રાપ્ત થયા હતા. ગુરૂ ભક્તિ અને પતિભક્તિ તેના હૃદય માં સર્વદા જાગ્રત રહેતી હતી.

એ સદ્દગુણી સ્ત્રીની વય માત્ર સોળ વર્ષની હતી. તેનું મુખ પૂર્ણિમાના ચંદ્ર સમાન હતું. નાસિકા શુકચંચુની સ્પર્ધા કરતી હતી. નેત્ર, દાંત, હોઠ અને બીજા મુખના દરેક અવયવો ઊપર સ્વાભાવિક રમણીયતા રમી રહી હતી. ઉભરાઈ જતા નવયૌવનમાં અલૌકિકરૂપ અને લાવણ્ય ઝળકી રહ્યા હતા. તેનો બાંધો એવો સુંદર હતો કે, જે ને જોતાંજ અવિકારી પુરૂષો પણ વિકારને વશ થઇ જતા હતા. આવું યૌવન, વય, રૂપ અને ગુણ છતાં એ બાલા નિર્વિકારી હતી. યુવતિ છતાં વયો વૃદ્ધા લાગતી હતી. રૂપને બદલે સદ્દગુણનેજ શ્રેષ્ઠ ગણ- તી હતી. સાસુ સસરા તરફ તે પૂજ્ય ભાવથી વર્ત્તતી હતી સંસાર કાર્ય ચલાવવાની સર્વ ક્રિયા તે જાણતી હતી. મારી તરફ પૂર્ણ ભ- ક્તિ રાખી તનમનથી શુશ્રૂષા કરતી હતી પતિની આજ્ઞા પાલવી તથા પતિજ સ્ત્રી જાતિનું સર્વસ્વ છે, એમ તે સમજતી હતી.

મુનિ વિચારવિજય મને બાધા આપી ચાલ્યા તે વખતે તેમણે એક સૂચના કરી કે, ભાઇ ચિંતામણી, તારી પાસેથી એક અભંગ વચન લેવાની ઇચ્છા રાખું છું. જો મહારાજાશ્રી પોતે તને દીક્ષા આપે તો તું મારા નામની દીક્ષા લેજે, હું તને પુત્ર તરીકે રાખીશ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તું મારા વાત્સલ્ય રસનો પાત્ર થઈશ. મારા જેવા વિવેકી ગુરૂના આશ્રય તલે તને અપાર સુખ પ્રાપ્ત થશે. જ્ઞાનના સર્વ સાધનો અને બીજા પ્રદાર્થો તને મન ગમતાં પ્રાપ્ત થશે. મારી કૃપા દ્રષ્ટિથી ઘણા ધનાઢ્ય ગૃહસ્થ શ્રાવકો તારી ઉપર ફીદા દઈ રહેશે. પ્રત્યેક સ્થાને તારી સન્માન પૂર્વક મહા સેવા સંપાદન થશે.

આજકાલ શિષ્ય કરવાની લાલસા અલ્પજ્ઞ સાધુઓમાં પ્રવર્ત્તે છે. લઘુદીક્ષાવાળો લઘુ વયનો અલ્પજ્ઞ મુનિ પણ શિષ્યોનો પરિવાર વધારવા ઉત્સુક રહેછે. જ્ઞાનનું, તપનું, શીલનું અને મહાવ્રતોનું ગૌરવ હજુ પ્રાપ્ત થયું ન હોય, મુનિધર્મના શુદ્ધાચાર બરાબર મેલવ્યા નહોય, પરીષહોના સંકષ્ટનો પૂરો અનુભવ ન હોય, ક્ષેત્રમર્યાદા અને કલ્પમર્યાદા સાચવવાની શક્તિ હજુ પ્રાપ્ત કરી ન હોય અને સંઘેડાના શાસ્ત્રશુદ્ધ નિયમો જાણ્યા ન હોય તથાપિ યુવાવસ્થાના આવેશમાં, અલ્પજ્ઞ રાગી શ્રાવકોના સન્માનમાં અને ગુરૂજનના ગૌરવમાં તણાઇ જતાં ઘણાં તરૂણ અલ્પજ્ઞમુનિઓ શિષ્ય-પરિવાર કરવા અંતઃકરણથી આગળ પડે છે. ગમે તેવા શ્રાવક કે કોઇ અન્ય જાતિના અલ્પજ્ઞ મનુષ્યને પોતાના શિષ્ય કરવા સર્વદા ઇંતેજાર રહે છે. ગુરૂપદ પ્રાપ્ત કરવા ચપલ મનોવૃત્તિને દોડાવે છે.

" अर्थी दोषं न पश्यति " એ નિયમ પ્રમાણે હું વિચારવિજયને તેવું વચન આપી દેત પણ તે સમયે પૂર્વ પુણ્યના પ્રબલથી હું મારી સ્વાભાવિક પ્રકૃતિમાં આવી ગયો. પ્રપંચ પ્રવીણ વિચારવિજયના સ્વરૂપને જાણી લીધું. થોડીવાર વિચાર કરી મેં નમ્ર થઇ કહ્યું, મહારાજ, હજુ મારી ઈચ્છા અંતર્ગત છે. કાર્યસિદ્ધિમાં અનેક વિઘ્નો છે, તે પહેલાં આપને તેવું વચન શીરીતે આપી શકું ? કદિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્વાર્થે વશ થઈ તેવું વચન આપી દઉં અને તે પ્રમાણે ન વર્ત્તાયતો આપનો શ્રાવક નાહક પ્રાયશ્ચિત્તનો અધિકારી થાય. સાધુની આગળ શ્રાવકે સત્ય વચન અને સત્યપ્રતિજ્ઞ રહેવું જોઇએ. એ વાત અવસરે જોવાશે." મારા આવા વચન સાંભળી મુનિ વિચાર વિજય સમજી ગયા. તે વિષેનો આગ્રહ છોડી દઈ મારા સ્થાનમાંથી પ્રસાર થઇ પોતાના ઊપાશ્રય પ્રત્યે ચાલ્યા ગયા.

થોડીવાર થઇ ત્યાં વિદ્યુત્‌ની જેમ અકસ્માત્ પ્રકાશ પાડતી વિમલા મારી પાસે આવી. તેના મુખ ઉપર સ્મિતને ઠેકાણે ચિંતાના અંકુરો દેખાતા હતા. સર્વદા સ્મિતમુખી એ રમણીનું મુખમંડલ ગ્લાનિની છાયા ધરતું હતું. વિશાળ નયનમાંથી સ્તંભિત થયેલા અશ્રુબિંદુ એક પછી એક પડતા હતા. ગુંથેલા કેશપાશની રચના વિષમ થયેલી લાગતી હતી. તેને જોતાંજ હું આશ્ચર્ય પામી ગયો. મારી મનોવૃત્તિ વિચાર માલાથી અલંકૃત થવા લાગી, તથાપિ અંતરંગ વૃત્તિને ગુપ્ત કરી હું નમ્ર વચનથી બોલ્યો–કાંતા, અકસ્માત્ કયાંથી આવ્યા ? તમારી સ્થિતિ વિચિત્ર કેમ લાગેછે ? જ્યારથી આ મંદિરમાં તમે વિવાહિત થઇ આવ્યા ત્યારથી કોઈવાર તમારા મુખ મંડળની આવી સ્થિતિ મારા જોવામાં આવી નથી. તમારા વદન ઊપર હંમેશા સ્મિતજ રહેલું હોય છે. મૃગાક્ષી, તમારા નયન ઊપર, અધર ઊપર, અને તમારા ગંડસ્થળ ઉપર, મૃદુ હાસ્યની મોહક પ્રભા રમતી હોય છે. આજે શું થયું ? જે સત્ય હોય તે જણાવો.

વિમલા મધુર સ્વરે બોલી–પ્રાણનાથ, આપના વર્ત્તમાન વિચાર જાણી ચિંતારૂપ ડાકણ મને વળગીછે. હવે મારી ઉપર વિયોગાગ્નિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ની જવાલા નજિક આવતી જાયછે. અલ્પ સમયમાંજ આ સનાથાને અનાથા થવું પડશે. આ મનોહર મંદિર, આ સમૃદ્ધિ, આ વૈભવ અને આ રમણીય પદાર્થો વિષ સમાન થઈ પડશે, ભવસાગર માં ભ્રમણ કરતી બાલાઓનું જીવન પતિ છે. કુલીન કાંતાઓ પતિ-પ્રાણાછે. તેમનું સર્વસ્વ પતિના સહવાસમાંછે. વ્રત, નિયમ, તપસ્યા અને બીજી ધર્મ ક્રિયા કરવામાં સુંદરીઓને પતિનીજ સહાય છે. નારીરૂપ નાવીકાનો ખલાસી તેનો ખાવિંદછે. શ્રાવિકાનો સર્વોત્તમ શૃંગાર તેનો સદ્ગુણી શ્રાવક પતિછે. વીરશાસનને દીપાવનારી સતી શ્રાવિકાઓ શ્રાવકપતિ તરફ સદ્વર્ત્તન કરી પ્રખ્યાત થયેલી છે. સ-ધવાઓનું સાધ્વીવ્રત પતિની આજ્ઞામાંજ પરિપૂર્ણ થાયછે. નેત્રમણિ, વધારે સ્પષ્ટી કરણ કરવાની જરૂર નથી. આપના સદ્વિચાર મારા સાંભળવામાં આવ્યાછે. આપ સાચે સાચુ કહી દેજો. આપની મનો-વૃત્તિ વૈરાગ્ય માર્ગ તરફ વળી છે, આપ શ્રાવક પદવી છોડી પરમ પવિત્ર સાધુ પદવીને સ્વીકારવા ધારો છો. આપે ગ્રહણ કરવા ઈચ્છે લો માર્ગ સર્વોત્તમ છે, એ માર્ગના મુસાફરો મહાન્ પદવી મેલવી શકેછે. જન કલ્યાણ સાથે આત્મ કલ્યાણ કરી શકેછે. ચારિત્ર ર-ત્નનો પરમ પ્રકાશ સર્વ જગતના અંધકારને દૂર કરેછે. ચારિત્રની વિજયમાલ ધારણ કરી બાહેર પડેલાં કુલીન શ્રાવક વીરશાસનને દીપાવે છે. આ સંસારના મહાન્ સંગ્રામમાં વિજય મેળવવા ચારિત્ર રૂપ ખડ્ગની મહાન્ શક્તિ તીવ્ર છે.

ભલે આપ તે વિચારને વલગી આત્માનો ઉદ્ધાર કરો. સ-ન્માર્ગે પ્રવૃત્તિ કરનાર શ્રાવક પતિને વિઘ્ન કરનારી શ્રાવિકા અધમ છે. તેવા સત્કાર્યમાં પતિને સહાય કરવી એ શ્રાવિકાનો ધર્મ છે. કદિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પોતાનો સાંસારિક સ્વાર્થ સરતો ન હોય, પછવાડે પોતાને અનાથ રહેવામાં અનેક સંકષ્ટ આવે તેમ હોય, સધવા છતાં વૈધવ્યના દુઃખનો અનુભવ કરવો પડે તેમ હોય, અને પતિ વગરની પત્નીને મહાન્ આપત્તિઓ આવી પડે તેમ હોય તથાપિ પંચ મહાવ્રતરૂપ મહામણિની માલા ધારણ કરનાર શ્રાવકને તેની સદ્ગુણી શ્રાવિકાએ સંપૂર્ણ સહાય કરવી જોઇએ. પ્રાણનાથ, આપે ધારેલા સત્કાર્યમાં આ દુઃખી શ્રાવિકા વિઘ્ન કરવા ઈચ્છતી નથી, પણ આ સ્વાર્થી શ્રાવિકાની હિંમત દૃઢ રહેતી નથી. મહિલાઓની અલ્પ મતિ હોય છે. સ્ત્રીવેદની વેદનાનો અનુભવ ભારે કર્મી જીવને મળે છે. આપ સુખેથી સન્માર્ગ સાધીલ્યો. હવે આ શ્રાવિકાનો સૌભાગ્ય સૂર્ય અસ્ત થશે. પતિપ્રાણા આ પત્નીનું જીવન ચર્મની ભસ્રા જેવું થશે. સ્થાને સ્થાને અપમાન અને તિરસ્કાર થયા કરશે. યૌવન વયની આશાઓ નિર્મૂલ થઇ જશે. વિવાહની કૃતાર્થતા કષ્ટમય પ્રવર્ત્તશે. સમાનવયની સખીઓ શોક સાથે હાસ્ય કરશે, અધમ લોકો વેહેમ ભરેલી વિષમ વાર્તા ચલાવશે. પૂજ્ય વર્ગની પવિત્ર પ્રેરણા બદલાઈ જશે. પિતૃગૃહ (પિયર) નું સન્માન ઓછું થશે. ભ્રાતૃપત્નીઓ મરોડથી મેહેણા મારશે. ધાર્મિક પર્વના મહોત્સવમાં સર્વ લોકો આંગલીથી ઓલખાવશે. વધારે શું કહું, પણ હવે આ યુવતિનું અવશિષ્ટ જીવન પગે પગે દુરવસ્થા ભોગવશે.

મિત્ર, આટલું કહી તે અશ્રુધારાથી રૂદન કરવા લાગી. ચિંતાગ્નિમાં પ્રજ્વલિત તાપથી તાપિત થયેલો હું વિચારના ગહન સાગરમાં ગોથાં ખાવા લાગ્યો. મેં સંભ્રમથી પુછ્યું; કાંતા, તમે ખાસ વિચાર

ચર્મની ભસ્રા—ધમણ.

For Private And Personal Use Only

શી રીતે જાણી શકયાં ? તે સત્ય કહો, વિમલા મંદ સ્વરે બોલી, પ્રાણેશ, આપ અને મુનિ વિચાર વિજયની વચ્ચે થયેલો સર્વ વાર્તાલાપ આ દાસીએ છુપા રહી સાંભળી લીધો છે. હું આપની પાસે સત્ય કહું છું, સદ્ગુણી સ્ત્રીઓએ પોતાના પતિ આગલ સત્ય વચન કહેવા જોઇએ. આ પ્રમાણે અમે દંપતી વાતચિત કરતા હતાં, ત્યાં નીચેથી એક સેવક ભોજનને માટે બોલાવા આવ્યો. તેણે નમ્ર થઈ જણાવ્યું કે, પિતાશ્રી આપની રાહ જોઈ ભોજન પાટ ઊપર બેસી રહ્યા છે. તે સાંભળી હું સત્વર નીચે આવ્યો અને ચિંતાને લીધે અરૂચિથી જે ભાવ્યું, તે જમીને સત્વર દુકાને ચાલ્યો ગયો.

મારા પ્રખ્યાત પિતાની પેઢી ઊપર અસંખ્ય લોકો જતાં આવતાં હતા. મારા કાર્યભારી સેવકો નિર્દોષ રીતે વહીવટ કરતા હતા. હું ચિંતાના આવેશમાં દુકાન ઊપરના ભાગમાં જઇ આડો પડયો. નિદ્રા તો શેની આવે, વિમલાએ મારી ગુપ્ત વાર્તા જાણી લીધી, તે વિષે સંકલ્પ વિકલ્પ કરવા લાગ્યો. "એ ચતુર બાલા ધર્મની પૂર્ણ રાગી છે, પણ મારી સાથે સંસારવાસમાં રહેવાને આતુર છે. તેના તરૂણ હૃદયમાં ધર્મના સંસ્કાર જાગ્રત છે પણ તેની સંસારિક ઇષણાઓ આશાના તંતુબંધ સાથે સંવલિત છે. ગૃહસ્થાશ્રમની શુદ્ધ ક્રિયા કરવાને તેની મનોવૃત્તિ સર્વદા તત્પર છે. તે ચતુર બાલા જાણતી હતી કે, સાધ્વીવ્રત અને સતીવ્રત સમાન [illegible]માં આવી શકે છે. ઘણી સતી શ્રાવિકાઓએ સાધ્વીપદ શિવાય પોતાના મનુષ્ય[illegible] [illegible] છે. સતી શ્રાવિકાઓ ઊભય લોકનો [illegible] છે

[illegible] યોજના વિમલાએ

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જાણી લીધી, તે પ્રથમગ્રાસે મક્ષિકાપાત જેવું થયું છે. હવે આ ધારણામાં અણધાર્યા અંતરાય ઊત્પન્ન થશે. પુરૂષ હૃદય કરતાં સ્ત્રી હૃદય સાંકડું છે. અધીરાઈની ઉર્મિઓ અબલાના અંતરમાંથી સત્વર ઉદિત થાય છે. રમણી ગમે તેવી વિદુષી હોય, ધાર્મીક સંસ્કારથી અલંકૃત હોય અને સર્વદા ધર્મનાધોરી માર્ગે ચાલનારી હોય તથાપિ જગત્‌ના રાગની તે રાશી છે. રાગનો અનિવાર્ય પ્રવાહ તેણીના અંતરમાંથી વહ્યા કરે છે. રાગ રૂપ ગિરિની તે મહાન્ ગુફા છે. આવા આવા વિચાર કરતાં તે બધો દિવસ દુકાનમાંજ નિર્ગમન કર્યો. જયારે સાયંકાલ થવા આવ્યો, એટલે હું ભોજન કરવા ઘેર ગયો. જો કે ચિંતાગ્નિમાં મારી ખાનપાનની રૂચિનો હોમ થઈ ગયો હતો તથાપિ માત પિતાના સંતોષને માટેજ હું ભોજન લેવા આવ્યો હતો. ઊતાવળથી વેઠની જેમ ભોજન ક્રિયા કરી હું તત્કાલ ઘરની બાહેર ચાલી નીકળ્યો. ફરવાના મિષથી વલ્લભીપુરની બાહેર એકાકી વિચરવા લાગ્યો. આ સમયે મને વિચાર થયો કે, હવે વિમલાને મુખ શું બતાવવું. ગુપ્ત વાર્ત્તા પ્રગટ થશે તો પછી મારી ધારણા સફલ થશે નહી. હું માત પિતાનો પ્રેમી પુત્ર છું. તેઓની રાગ દશા મારી ઉપર અતિ તીવ્ર છે. જો આ વાર્ત્તા વિમલાના મુખમાંથી પ્રગટ થશે તો મારી માયાલુ માતા મોટો આક્રંદ કરશે. પિતાજી ગતપ્રાણ જેવા થઇ જશે. અને મારા સુહૃજ્જન કોલાહલ કરી મુકશે. હવે શું કરવું ? કયાં જવું ? અને કોનો આશ્રય લેવો ? જો મુનિ વિચાર વિજયને મલું તો કદિ બચવાનો માર્ગ પ્રાપ્ત થાય, એ ચતુર સાધુ પોતાના અંતર્ગત સ્વાર્થને લઇ મને ઊત્તમ માર્ગ બતાવશે. આવો વિચાર કરી હું ત્યાંથી પાછો વળી પરમ પવિત્ર મહા મુનિ શ્રી વિમલવિજયના ઉપાશ્રય પ્રત્યે આવ્યો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાયંકાલના પ્રતિક્રમણનો સમય હતો, વલ્લભીપુરના આસ્તિક શ્રાવકોએક પછી એક પ્રતિક્રમણ કરવાને ઉપાશ્રયે આવતા હતા. મહા મુનિ શ્રી વિમલવિજયજી ઉપાશ્રયના મધ્ય ભાગની એક શાલામાં બિરાજતા હતા. અંધકારનો આરંભ થતો આવતો હતો, તથાપિ મહા મુનિના ચારિત્રનો ચલકાટ સર્વત્ર અંતરંગ પ્રકાશ આપતો હતો. ઊપાશ્રયની ઉપર વૈરાગ્યની વિજય ધ્વજા ફરકતી હતી. યતિધર્મના દશ પ્રકાર ત્યાંની દશે દિશાઓમાં નિવાસ કરી રહયા હતા. મુનિ વિચારવિજયના સ્થાન સિવાય સર્વ ઠેકાણે ચોથા આરાની પ્રવૃત્તિ દેખાતી હતી. મહા મુનિ વિમલવિજયના સદગુણોની સુગંધ વલ્લભીપુરના આબાલ વૃદ્ધમાં પ્રસરી રહી હતી. વલ્લભીપુરની તમામ પ્રજા એ મુનિરત્નના મહિમાથી રંજિત થતી હતી. અન્ય મતિઓના અગ્રેસરો પણ આ મહા મુનિને માન આપતા હતા. આવા મુનિ રત્નથી વલ્લભીપુરનો સંઘ, શ્રાવકધર્મ, યતિધર્મ અને શ્વેતાંબરી તપાગચ્છ ખરેખર કૃતાર્થ થતા હતા.

હું છુપાતો છુપાતો ઊપાશ્રયમાં જે શાલામાં મુનિ વિચારવિજય બેસતા હતા ત્યાં આવ્યો. મને જોતાંજ મુનિ વિચારવિજય સંભ્રમમાં પડયા. તત્કાલ બોલ્યા—ભાઇ ચિંતામણી, અત્યારે કયાંથી આવ્યા ? પ્રતિક્રમણનો સમય થઈ ગયો છે. હમણાંજ ગુરૂ મહારાજ બોલાવશે, કહો શું કામ છે ? પછી મેં વિમલા સંબંધી જે વૃત્તાંત બન્યો હતો તે કહી સંભલાવ્યો. તે સાંભલતાંજ મુનિ વિચારવિજય વિચારમાં પડયા. થોડીવાર વિચાર કરી કહ્યું કે, વત્સ. હવે તારે અહીં રહેવું ઊચિત નથી. અત્યારેજ વલ્લભીપુરનો વિયોગ કરવો પડશે. તારા માતા, પિતા, સ્ત્રી અને સુહૃજ્જનને છોડી ચાલ્યો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જા. રાગની દઢ શંખલા તોડી, ત્યાસ. વીર ધર્મનો વીર કુમાર થઈ વીરતા દર્શાવજે. જયાં જવાનું થાય ત્યાંથી મારા ઉપર પત્ર લખજે. આ વિચારવિજય તને સંપૂર્ણ સહાય આપશે. આટલું જ કહેતાંજ ગુરૂનું આમંત્રણ આવવાથી મુનિ વિચારવિજય ચાલ્યા ગયા અને હું છુપી રીતે ઘેર જઇ સુવર્ણના એક બે કીંમતી આભૂષણ લઇ તેજ રાત્રે વલ્લભીપુરથી વિદાય થયો. ફરતો ફરતો આ ગિરિ નિવાસમાં આવી ચડયો છું. અહીં આજે આપ પવિત્ર મિત્રનો મેલાપ થઈ આવ્યો. હવે કયો માર્ગ લેવો ? તે વિચાર કરૂં છું, તેમાં મને સહાય આપી આ આગંતુક મિત્રનો ઉદ્ધાર કરશો. અપૂર્ણ.

# શ્રી વિમલચંદ્રસૂરિ અને પ્રશ્નોતર રત્નમાલા.

( પૂર્વ અંકના પૃષ્ટ ૧૧૮થી અનુસંધાન. )

એક વખત પ્રતિક્રમણની પવિત્ર ક્રિયા થઈ રહ્યા પછી સૂરિશ્રીના શિષ્યો ચિંતવવા લાગ્યા કે, આજે ગુરૂ મહારાજને કયા નિયમ ઉપર પ્રશ્નો કરવા ? પરસ્પર વિચારી છેવટે નિર્ણય કર્યો કે, આજે વિશેષ પ્રશ્ન નહીં કરતા સર્વથી શ્રેષ્ટ અને મનન કરવા યોગ્ય એકજ પ્રશ્ન કરવો. આ અનાદિ સંસાર અસાર કહેવાય છે. સંસારના મહાચક્રમાંથી મુકત થવું એ ગ્રાહ ( ગુડ ) ના મુખમાંથી નીકલવા જેવું છે. સંસારની મહાજાલ સુખ દુઃખરૂપ પ્રપંચ તંતુઓથી ગુંથાએલી છે. સંસાર રૂપ મહાસાગરની ઉછલતી ઊર્મીઓમાંથી મુક્ત થઈ શકે તેવા પામર પ્રાણીઓ ઘણાં અલ્પ હોય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પૂર્વ પુણ્યનો યોગ પ્રબલ હોય, જીવ લઘુ કર્મી થવા ઉન્મુખ થયો હોય, શુદ્ધ ભાવનાએ હૃદય મંદિરમાં વાસ કર્યો હોય, ઉત્તમ કુલ, ક્ષેત્ર અને આરોગ્યની સંપત્તિ પ્રાપ્ત હોય, ચંચલ મનને વશ કરવાની શકિત મેલવી હોય, શુદ્ધ ચારિત્ર ધારી ગુરૂનો યોગ થયો હોય, આર્હતતત્વની શીતલ છાંયા બુદ્ધિ ઉપર પડી હોય, મોહક પદાર્થો ઊપર વિમોહ થતો હોય, હેયોપાદેય વસ્તુનું બરાબર ભાન થયું હોય અને જૈન ધર્મના સંસ્કારોની અને આચાર વિચારની પ્રભા સમકિત ગુણ સાથે સંવલિત થઇ હોય, તો એ ભવોદધિના ભયંકર ભ્રમણનાંથી પ્રાણી મુકત થાય છે.

એ અસાર સંસારમાં સાર શું છે ? એ સાર વસ્તુ જાણવાથી કે મેલવવાથી જે જે લાભ થતા હોય તેમનું સારદૃષ્ટાને કેવું ભાન થાય છે એવા ગર્ભિત અર્થવાલો આ એકજ પ્રશ્ન સર્વોત્તમ છે. આ પ્રશ્નનો પ્રત્યુત્તર આપણને અદ્ભૂત ચમત્કાર આપશે. માટે આજે “ આ સંસારમાં સાર શું છે ” એવો એકજ પ્રશ્ન સંસારી અને મુક્ત બનેને મનન કરવા યોગ્ય આપણે પુછીએ.

આવો સર્વાનુમતે નિર્ણય કરી સર્વ શિષ્યો સૂરિ મહારાજ પાસે આવ્યા. અંજલિ જોડી બોલ્યા. “ **किं संसारे सारं ?** ” “ આ સંસારમાં સાર શું છે ? ” આ પ્રશ્ન સાંભલતાં વિદ્વદ્વર્ય સૂરિશ્રીએ કહ્યું “ **बहुशोऽपि विचिंत्यमानमिद्मेव** ” ઘણીવાર વિચાર કરતાં આજ સાર છે. શિષ્યો વિચારમાં પડયા કે, ગુરૂશ્રીએ ઉત્તરને બદલે આમ કેમ કહ્યુ હશે ? તેમનો અંતરગત ભાવ જાણી સૂરિરાજ બોલ્યા કે, વત્સો, અધિરા થશો નહીં, હજુ ઊત્તર આપવાનો છે. બીજા પ્રશ્નો કરતાં આ પ્રશ્ન ગંભીર છે. તેના ઊત્તરમાં મારે પણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિચાર કરવો પડયો છે, તેથી ઉત્તર આપવાને બદલે આ બીજું પાદ બોલાઇ ગયું છે. હવે મારી પ્રતિભાની શ્રેણીમાં તેનો ઉત્તર આવી ગયો છે. અને તે ગાથાના ઉત્તરાર્દ્ધના બંને ચરણમાં સમાપ્ત થાય છે. સૂરિશ્રી બોલ્યા " **मनुजेषु दृष्टत-त्त्वं स्वपरहितायोद्यतं जन्म** " " પોતાનું અને પારકાનું હિત કરવાને માટે ઉદ્યમવંત અને તત્વ દૃષ્ટિવાળું એવું માનવ જન્મ" એ સંસારમાં સારરૂપ છે. સૂરિ મહારાજે પોતાના પ્રત્યુત્તર વિશે વિવેચન કરતાં જણાવ્યું કે, વત્સો, આજનો તમારો પ્રશ્ન અલૌકિક છે. આ અસાર સંસારમાંથી સાર શોધવો એ ઘણું કઠીન કામ છે. સંસારના સ્વરૂપને સંપૂર્ણ રીતે ધિક્કારવામાં આવ્યું છે. ગૃહસ્થને સંસારમાં રહી સદ્‌ગતિ પ્રાપ્ત કરવી એ અતિ કઠીન કાર્ય છે. ચારિત્ર રત્નના મહાન્ પ્રકાશ સિવાય સંસારના ગહનમાંથી મુક્ત થવાતું નથી, એ જોકે સિદ્ધાંતનો પક્ષ છે. પણ સ્યાદ્વાદ શૈલીના આશ્રયથી એ પક્ષને ઘણે અંશે અવલંબન મળે છે. તે વિશે ગ્રહસ્થાવાસમાં કેવલ જ્ઞાની થએલા કૂર્માપુત્ર જેવાનાં ચરિત્રો સંપૂર્ણ પુષ્ટિ આપે છે.

એથી એ અસારમાંથી સાર શોધવાને વિવેકી વિદ્વાનો આગલ પડયા છે. તેથીજ તમને શાસ્ત્રાનુસારે પ્રત્યુત્તર આપેલો છે. ચોરાશી લાખ જીવાયોનિમાં મનુષ્યયોનિ સર્વોત્તમ અને શ્રેયઃ સંપાદનનું સાધન છે. અનેક ભેદવાલા જીવોમાં માનવ જીવન વિલક્ષણ છે. તેવી ઉત્તમ મનુષ્ય યોનિમાં મિથ્યાત્વીઓ પણ ઉદ્‌ભવે છે. તેમનું માનવ જન્મ અજાગલના સ્તનની જેમ નિષ્ફલ છે. જો માનવ જન્મ પ્રાપ્ત કરી સ્વહિત એટલે આત્મહિત કે જેમાં સ્વાત્માનો ઉદ્ધાર કરવાની બુદ્ધિ તેમજ પર હિત એટલે બીજાના દુઃખી આ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્માનો ઉદ્ધાર કરવાની બુદ્ધિ. તેવી બુદ્ધિ પ્રાપ્તકરી તે પ્રમાણે પ્રવર્તન કરવા માટે હમેશાં ઊદ્યમવંત રહેવાય. કદિ દૈવ યોગે તે બુદ્ધિ પ્રાપ્ત થઇ હોય પણ જો તત્વદ્રષ્ટિ ન હોય તો તે નિષ્ફલ છે. અંધપંગુ ન્યાયની જેમ તે સ્વહિત અને પરહિત કરવાની બુદ્ધિ અને તત્વ દ્રષ્ટિ બંને એક બીજાના અપેક્ષિત છે. જેની નિર્મલ મનોવૃત્તિ ઉપર તત્વ દર્શનનો દિવ્ય પ્રકાશ પડયો હોય તેનામાંજ સ્વપરહિત નો ઉદ્યમ કૃતાર્થ છે. તત્વદ્રષ્ટિ શિવાય માનવ પ્રકૃતિ હિત શબ્દનો અર્થ સમજી શકતી નથી. હિત એટલે આ લોકનું સાંસારિક હિત એમ સમજે છે. પારમાર્થિક હિતના દિવ્ય વિચાર તેનામાં ઉદ્ભવ તા નથી. એવા દિવ્ય વિચારને આકર્ષણ કરનારી અસાધારણ તત્વ દ્રષ્ટિ છે.

વત્સો, તેથી સ્વહિત અને પરહિત કરવામાં ઊદ્યમવંત અને તત્વદૃષ્ટિ વાળું જન્મજ આ સંસારમાં સારરૂપ છે, એ સત્ય સિદ્ધાંતને હમેશાં હૃદયમાં અવકાશ આપજો. સૂરિના આ વચનામૃતને શ્રવણ કરી પરમાનંદમાં મગ્ન થયેલા સર્વ શિષ્યોએ નીચેની પ્રશ્નોત્તર રૂપે તે ગાથાને હૃદયરૂપ કરંડમાં રત્નની જેમ સ્થાપિત કરી.

किं संसारे सारं बहुशोऽपि विचिंत्यमानमिदमेव ।
मनुजेषु तत्वदृष्टं स्वपरहितायोद्यतं जन्म ॥ ६ ॥

શિષ્યો—" આ સંસારમાં સાર શું છે. ?

ગુરૂ— ઘણીવાર વિચારતાં આજ સાર છે કે, પોતાના અને પારકા હિત કરવા માટે ઉદ્યમવંત અને તત્વદૃષ્ટિવાળું એવું માનવ જન્મ. (એજ સંસારમાં સાર છે. ) અપૂર્ણ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ગૃહસ્થાવાસમાં કેવળજ્ઞાની.

(અનુસંધાન અંક બીજાના પાના ૪૨ થી.)

આ જંબુદ્રીપના ભરતક્ષેત્રના દક્ષિણ ર્ધના મધ્ય ભાગમાં દુર્ગમપુર નામનું સ્વર્ગની અલકાપુરી તથા કૃષ્ણની દ્વારામતી સાથે હરીફાઇ કરતું અતિ પ્રસિદ્ધ નગર હતું. તે નગરમાં દ્રોણ નામનો રાજા રાજ્ય કરતો હતો. સૂર્યના પ્રતાપ જેવો તેનોપ્રતાપ તેજસ્વી હતો. સૌભાગ્ય લક્ષ્મીનો તે મહાસાગર હતો. પૂર્ણિમાના ચંદ્રની સમાન તેની કીર્તિ દશે દિશાઓમાં નિર્મળ રીતે પ્રકાશ કરી રહી હતી. શત્રુઓના મદવારીનું પાન કરવામાં તેની શક્તિ વડવાનળ અગ્નિરૂપ હતી, અને તેવી અસામાન્ય શક્તિના પ્રભાવથી તેનો વિજય ધ્વનિદિગંત પર્યંત ગર્જના કરી રહ્યો હતો.

તે દ્રોણ નૃપતિને મહાદેવની પાર્વતી તથા કૃષ્ણની લક્ષ્મી સમાન દ્રુમા નામની પટરાણી હતી. તે પટરાણીથી દ્રોણ રાજાને દુર્લભ નામનો અતિ સુકુમાળ અને કંદર્પની કાન્તિને પણ ઝાંખી કરનારો અતિ તેજસ્વી પુત્ર હોતો હવો. દુર્લભ કુમાર અનેક ગુણથી અલંકૃત હતો. ચતુરાઇ બાલ્યાવસ્થામાંજ તેને પ્રાપ્ત થઇ હતી પરંતુ યૌવન મદથી છકેલો હોવાથી ઉન્મત્તતાના યોગે નગર બહાર ક્રીડા કરવા જતાં અનેક નગર જનોના સમાન વયના પુત્રોની સાથે ક્રીડા કરતાં તેઓને મહાપરિતાપ ઉત્પન્ન કરી તેઓના હાથ પગ વજ્રબંધનની જેમ બાંધી તેઓના શરીરને દડારૂપ બનાવી ફેંકતો હતો.

યુવાવસ્થા, ધનની સંપત્તિ, પ્રભુત્વપણું અને અવિવેક, આ ચારેમાંથી એક એક પણ મનુષ્યમાં પ્રાપ્ત થતાં તે મહા અનર્થનું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્થાન થઇ પડે છે તો જ્યારે જે મનુષ્યમાં પ્રકૃષ્ટપણે પ્રાપ્ત થયાં હોય તે મનુષ્ય સર્વ અનર્થોનું પાત્ર થાય તેમાં શું નવાઈ ! દુર્લભ કુમાર ની આવી વર્તના નિરંતર વર્ત્યા કરતી હતી.

એક સમયે તે નગરની પાસેના દુર્ગેલા નામના વનમાં **સુલોચન** નામના પરમ ઊપગારી પંચમ જ્ઞાનના ધારક સદ્ગુરૂ આવી સમોસર્યા. તે ઉદ્યાનના પાતાળ મધ્યે **ભદ્રમુખી** નામની યક્ષણીનો નિવાસ હતો. તે યક્ષણીનો ઊદ્યાનમાં આવવાનો માર્ગ ઊદ્યાનના મધ્ય ભાગમાં રહેલા બાહુશાલ નામના વડની નીચેથી હતો. રત્નમય ભુવનમાં તે યક્ષણી સદાકાળ રહેતી હતી. સર્વ જીવના સંશયના સંહરનાર, કેવળજ્ઞાન રૂપ ભાવ લક્ષ્મીના ધારક સુલોચન મુનિરાજનું વનમાં આગમન જાણી વંદના નમસ્કાર કરવા સારૂ ભદ્રમુખી યક્ષણી કેવલી ભગવંતની પર્ષદામાં આવી. કેવલી ભગવંતની દેશના શ્રવણ કર્યા પછી ભદ્રમુખી યક્ષણી અતિભક્તિ તથા અતિહર્ષ સહિત પોતાના મનમાં ઉત્પન્ન થયેલા સંદેહનું સમાધાન કરવા પોતાના પૂર્વના વૃત્તાંતનું કથન કરવા સાથે નીચે મુજબ પ્રશ્ન કરે છે.

હે ભગવંત, મારા પૂર્વના ભવમાં હું **માનવતી** નામની મનુષ્યણી હતી. મારી સૌંદર્યતા અલૌકિક હતી. કામદેવની પત્ની રતિની કાન્તિ મારી કાન્તિથી પણ મંદ હતી. બાલ્યાવસ્થામાં પણ અતિચકોર હતી. રમતગમતમાં નિરંતર રહેતી હતી. મારા પિતાના ઘરના આંગણામાં એક વખતે હું રમતમાં આનંદ યુક્ત ક્રીડા કરતી હતી, તે સમયે સુવેલંધર નામનો દેવ હું મનુષ્યણી છતાં મારા રૂપથી અત્યંત મોહ પામી મારૂં હરણ કરી ગયો. મને પોતાની સ્ત્રી કરી રાખી, જેથી તેની સાથે કામ ક્રીડા કરતાં હું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેની પટરાણી દેવી થઇ. મારૂ મનુષ્ય દેહનું આયુષ્ય પૂર્ણ થતાં તેજ પાતાળ મધ્યે તેજ સુવેલંધર દેવતાની હું ભદ્રમુખી નામની યક્ષણી થઈછું. હું તે સ્થાનમાં ઉત્પન્ન થયા પછી કેટલોએક કાલ વ્યતીત થતાં મહારો વહાલો ભર્ત્તાર સુવેલંધર દેવ ત્યાંથી ચવી ગયો. હે ભગવંત! મારી વિનતી એ છે કે, એ મારો પ્રિયપતિ હાલ કઇ ગતિમાં ઉત્પન્ન થયો છે? અને તે કયાં છે? તે કૃપાકરી મને કહેશો?

ભદ્રમુખી યક્ષણીની તે વિનંતિ સાંભળી કેવળી ભગવાન અત્યંત મધુર ગીરાથી તે યક્ષણીને કહેતા હવા. હે ભદ્રે! આજ દુર્ગલા નામના ઉદ્યાનની સમીપ આવેલા દુર્ગપુર નામના નગરના દ્રોણ રાજાનો દુર્લભ નામનો કુમાર છે. તેજ તારા સ્વામીનો જીવ છે. કેવળી ભગવાનના મુખથી પોતાની ચિંતાનું સમાધાન થતાં ભદ્રમુખી યક્ષણી પોતાનો પતિ પાસેજ ઉત્પન્ન થયેલો જાણીને અતિ હર્ષ પામી કેવલી ભગવંતની પર્ષદામાંથી સ્વસ્થાને નહી જતાં મનુષ્યનું રૂપ કરીને જયાં દુર્લભ રાજકુંવર નાગરિક પુત્રોની સાથે રમત ગમતની ક્રીડા કરતો હતો ત્યાં તત્કાલ આવી. દુર્લભકુમારને ઘણાં છોકરાઓને બાંધીને ઉછાળતો જોઇ મનુષ્યરૂપે થયેલો તે ભદ્રમુખીનો જીવ કહેવા લાગ્યો કે, હે રાજકુમાર! જો તમારામાં રમવાની શક્તિ હોય, બળવાન હો અને ચચળ હો તો આવા ગરીબડા છોકરાંઓને વિના કારણે સતાવી, બાંધી નહીં ઉછાળતાં મારી સામે રમત રમવા આવો અને તમારી શક્તિ અજમાવો. તેના કટાક્ષ ભરેલાં તીવ્ર વચનો સાંભળી રાજકુમાર તેની સાથે રમત રમવા સત્વર ઉભો થયો; તેવોજ તે ભદ્રમુખીનો મનુષ્યરૂપે થયેલો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જીવ તેનાથી દૂર ગમન કરવા લાગ્યો. તેને દૂર જતો દેખી દુર્લભ કુમાર તેને પકડવા સારૂ એકદમ તેની પૂઠે ધસ્યો, યક્ષણીના સખ્ત વચનોથી આકુળ વ્યાકુળ થયેલો હોવાથી તેને પકડવા સારૂ તેની પૂઠે દોડતાં, વનમાં જ્યાં બહુ શાલવડ છે તે વડની સમીપ સુધી આવ્યો. વડની નીચે સુરંગ રૂપે કરેલા માર્ગમાં તે યક્ષણી ઉતરતાં, રાજકુંવર પણ વડની નીચે તેજ માર્ગમાં ઉતર્યો. પછી દેવીએ કુમારને પકડીને પોતાના ભુવનમાં આણ્યો.

રાજકુમાર દેવભુવનમાં આવતાંજ તે દેવભુવનની ચમત્કારિક રચના જોઇ વિચારવા લાગ્યો. અહો આતે કોનું સ્થાન હશે ! શું આ દેવતાનું સ્થાન તો નહીં હોય ! દેવભુવન વિના આવા રત્નમય સ્થંભો કયાંથી હોય. આવા મણિમય તોરણો મનુષ્ય લોકમાં કદાપિ જોવામાં આવ્યા નથી. મણિરત્નોની કાંતિથી સર્વ પ્રદેશમાં ઝાકઝમાળ થઇ રહેલ છે. સૂર્યકિરણની સન્મુખ જેમ જોવાઈ શકાતું નથી તેમ આ પંચવર્ણી રત્નોની કાન્તિ સન્મુખ જોતાં આંખો અંજાઇ જાય છે. દરેક સ્થંભે ક્રીડાકરતી પુતળીઓ તરફ જોઉછું તો મન ક્ષોભ પામે છે.. શું આ સુંદર ગોખની શોભા અને તેને વિષે વિવિધ ભાતના ચિત્રામણની રચના દેખી મને તો એમજ લાગે છે કે, આ ઇંદ્રજાળની રચનાતો નહીં હોય! હું તે નિદ્રામાંછું કે જાગ્રત અવસ્થામાં છું ! અત્યંત વિચાર કરતાં તેનું ચિત બહુજ આકુળ વ્યાકુળ થઈ ગયું, છતાં આખરે નિશ્ચય થયો કે આતો દેવભુવનજ છે. મનુષ્ય લોકની આવી રચના કદાપિ નજ હોય. આ પ્રમાણે વિચારની શ્રેણિમાં તેને સ્વસ્થ થયેલો જોઇ તે યક્ષણી વ્યંતરી ભદ્રમુખી ભુવનમાં પોતાના સ્વરૂપમાં તેની સન્મુખ આવી, બે હાથ

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જોડી વિનંતિ કરી, કુમારને તેનો હાથ ઝાલી, પલંગ ઊપર બેસારી, કહેવા લાગી.

હે સ્વામિ ! મારી વિનંતિ લક્ષ પૂર્વક સાંભળશો. બહુકાળસુધી આપના વિયોગને સહન કરતાં મારૂં ચિત્ત અત્યંત ખેદયુક્ત વર્તતું હતું. મારી અમુઝણનો પાર રહયો નથી. દીર્ઘકાળે આપના દર્શનનો લાભ થયો છે અને તેથી આ સુગંધ વનમાં દેવભુવન મધ્યે, મારા કાર્યની સિદ્ધિને અર્થે મેં આપને આણેલા છે. આપને દુઃખ દેવાને અર્થે વા અન્ય કાર્યને માટે મેં આપને આણેલાજ નથી. તેથી આપ બીજા સર્વ પ્રકારના સંદેહને દૂર કરી, સ્વસ્થ ચિત્તથી અત્રે નિવાસ કરો. નિશ્ચયથી આજે મારો મનોરથ રૂપી કલ્પવૃક્ષ ફલીભૂત થયો એમ માનું છુ. પૂર્વના સુકૃતરૂપ પુન્યના યોગથી આપ મને પ્રાપ્ત થયા છો, તેથી કૃપા કરીમને સનાથ કરો. રાજકુમાર યક્ષણીના વચનામૃતનું પાન કરતાં તેણીના ચંદ્ર સમાન મુખ તથા કમળ સમાન વિશાળ નયનને નિહાળતાં, વિચાર વમળમાં વહેવા લાગ્યો અને પૂર્વ ભવના સ્નેહથી તેનું મન અતિ ઊલ્લાસ પામ્યું. તે વ્યંતરી દેવીને અત્યંત નિરખી આ પ્રમાણે વિચારવા લાગ્યો. અપૂર્ણ.

For Private And Personal Use Only